પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૧૬૧ | ૨૨ ઓગસ્ટ, ૨૦૨૨, સોમવાર; શ્રાવણ વદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# દેશમાં ઘઉંની કોઈ અછત નથી

## આયાત કરવામાં આવશે નહીં : જરૂરિયાતને પહોંચી વળવા માટે પૂરતો સ્ટોક છે : ખાદ્ય અને સાર્વજનિક વિતરણ વિભાગ



નવી દિલ્હી, તા.૨૧

ખાદ્ય અને સાર્વજનિક વિતરણ વિભાગે કહ્યું છે કે, દેશમાં ઘઉંની કોઈ અછત નથી અને તેની આયાત કરવામાં આવશે નહીં. ડિપાર્ટમેન્ટનું નિવેદન મીંટના એક અહેવાલ પછી આવ્યું છે કે ભારતીય ખાદ્ય નિગમ (હ્લઝ્રૈં) પાસે ઘઉંનો પૂરતો સ્ટોક નથી અને સરકાર તેની આયાત કરવાનું વિચારી શકે છે.

સમાચારમાં કહેવામાં આવ્યું હતું કે, ઓગસ્ટમાં ઘઉંનો સ્ટોક ૧૪ મહિનાના સૌથી નીચલા સ્તરે પહોંચી ગયો છે અને ઘઉંની કિંમતમાં ૧૨ ટકાનો વધારો થયો છે. આ ઉપરાંત ગરમીના કારણે ઘઉંના પાકને અસર થઈ છે અને ઉત્પાદનમાં ઘટાડો થયો હોવાના અહેવાલો છે. જેના કારણે ભાવ ઝડપથી વધી રહ્યા છે.

ખાદ્ય અને જાહેર વિતરણ વિભાગે ટ્વિટર પર જ આ સમાચાર પર પ્રતિક્રિયા આપતા કહ્યું, "ભારતમાં ઘઉંની આયાત કરવાની કોઈ યોજના નથી. દેશમાં જરૂરિયાતને પહોંચી વળવા માટે પૂરતો સ્ટોક છે અને હ્લઝ્રૈં પાસે પણ જાહેર વિતરણનો પૂરતો સ્ટોક છે. તમને જણાવી દઈએ કે મિન્ટ પહેલા આંતરરાષ્ટ્રીય બિઝનેસ વેબસાઈટ બ્લૂમબર્ગે પણ કહ્યું હતું કે, ભારત સરકાર વિદેશથી ઘઉં ખરીદવા પર વિચાર કરી રહી છે. બ્લૂમબર્ગે સૂત્રોને ટાંકીને જણાવ્યું હતું કે, ૨૦૨૧-૨૨ માટે ઘઉંનું ઉત્પાદન ૧૦૭ મિલિયન ટન થઈ


● અનુસંધાન પાન-૭ પર

# સિસોદિયાની મુશ્કેલીઓ વધી, હવે લૂકઆઉટ નોટિસ

## સસોદિયા સહિત ૧૪ લોકો વિરુદ્ધ લૂકઆઉટ નોટિસ : મનિષ સિસોદિયાએ શનિવારે પ્રેસ કોન્ફરન્સ કરી હતી જેમાં પોતાની ધરપકડ થવાની આશંકા વ્યક્ત કરી હતી

નવી દિલ્હી, તા.૨૧

ડેપ્યુટી સીએમ મનિષ સિસોદિયાએ શનિવારે પ્રેસ કોન્ફરન્સ કરી હતી જેમાં પોતાની ધરપકડ થવાની આશંકા વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું હતું કે કેન્દ્ર સરકાર દિલ્હીમાં શિક્ષણ વિભાગમાં થઈ રહેલા મોટા કામો પર બ્રેક લગાવવા માંગે છે. આથી બની શકે કે ૨-૩ દિવસમાં મારી ધરપકડ કરાય. આ બધા વચ્ચે એવા ખબર આવ્યા કે સીબીઆઈએ સિસોદિયા સહિત ૧૪ લોકો વિરુદ્ધ લૂકઆઉટ નોટિસ બહાર પાડી છે.



ન્યૂઝ એજન્સી એએનઆઈએ સીબીઆઈ સૂત્રોને ટાંકીને જણાવ્યું છે કે દિલ્હી આબકારી નીતિ મામલે મનિષ સિસોદિયા અને અન્ય વિરુદ્ધ લૂકઆઉટ સર્ક્યુલર જલદી બહાર પડે તેવી શક્યતા છે, આ હજુ પ્રોસેસમાં છે.

અત્રે જણાવવાનું કે ડેપ્યુટી સીએમ મનિષ સિસોદિયાએ શનિવારે પ્રેસ કોન્ફરન્સ કરી હતી જેમાં પોતાની ધરપકડ થવાની આશંકા વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું હતું કે કેન્દ્ર સરકાર દિલ્હીમાં શિક્ષણ વિભાગમાં થઈ રહેલા મોટા કામો પર બ્રેક લગાવવા માંગે છે. આથી બની શકે કે ૨-૩ દિવસમાં મારી ધરપકડ કરાય. લૂકઆઉટ નોટિસબાદ તેઓ દેશ છોડીને બહાર જઈ શકશે નહીં. જો તેમણે આમ કરવાની કોશિશ કરી તો અટકાયત થઈ શકે છે.

# મોદીના પ્રવાસ પહેલા પંજાબમાં આતંકી હુમલાનું એલર્ટ

મોહાલી, તા.૨૧

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના મોહાલી પ્રવાસ પહેલા પંજાબમાં આતંકી હુમલા અંગે એલર્ટ જાહેર થયું છે. પાકિસ્તાનની ગુપ્તચર એજન્સી ISIના પંજાબને હચમચાવી નાખવાના ષડયંત્ર પર આ અલર્ટ જાહેર થયું છે. દેશની ગુપ્તચર એજન્સીઓએ એક મહત્વપૂર્ણ અલર્ટ જાહેર કરતા કહ્યું છે કે પાકિસ્તાની ગુપ્તચર એજન્સી (ISI) ચંડીગઢ અને મોહાલીમાં આતંકી હુમલાનું ષડયંત્ર રચી રહી છે. અલર્ટ મુજબ આતંકીઓ ચંડીગઢ અને મોહાલીમાં આતંકી હુમલો કરી શકે છે. આતંકીઓ બસ સ્ટેન્ડને નિશાન બનાવી શકે છે. અત્રે જણાવવાનું કે ગુપ્તચર એજન્સીઓએ સ્ટેટ પોલીસ, જીઆરપી, અને સ્ટેટ ઈન્ટેલિજન્સ એજન્સીઓને પરસ્પર કોઓર્ડિનેશન કરીને ઈનપુટ પર કામ કરવાનું કહ્યું છે.

**આતંકીઓ બસ સ્ટેન્ડને નિશાન બનાવી શકે છેપાકિસ્તાની ગુપ્તચર એજન્સી (ISI) ચંડીગઢ અને મોહાલીમાં આતંકી હુમલાનું ષડયંત્ર રચી રહી છે**

ગુપ્તચર એજન્સીઓના હવાલે મોટા સમાચાર છે કે પાકિસ્તાની ગુપ્તચર એજન્સી ISI એ પંજાબને હચમચાવી નાખવાનું ષડયંત્ર રચ્યું છે. પંજાબમાં આતંકી હુમલાનું અલર્ટ છે. ISIએ ચંડીગઢ અને મોહાલમાં હુમલાનું ષડયંત્ર રચ્યું છે.

સૂત્રોના હવાલે જાણવા મળ્યું છે કે પંજાબના ૧૦ નેતાઓ આતંકીઓના નિશાના પર છે. કેન્દ્ર સરકાર તેમને સુરક્ષા ઉપલબ્ધ કરાવી શકે છે. નોંધનીય છે કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના મોહાલી પ્રવાસ અંગે એજન્સીઓ અલર્ટ પર છે. ચારેકોર સુરક્ષા એકદમ ચુસ્ત કરવામાં આવી છે. આઈએસઆઈની જે લોકો સાથે લિંક છે તેમની ભાળ મેળવવાની કોશિશ થઈ રહી છે.

# કોમેડિયન રાજુ શ્રીવાસ્તવની તબિયતમાં કોઈ સુધારો નહીં

## AIIMSના ડાયરેક્ટરે કહ્યું સ્થિતિ નાજુક છે : ફેન્સ જલ્દી સાજા થાય તેવી પ્રાર્થના કરી રહ્યા છે

મુંબઈ, તા.૨૧

તારીખ ૧૦ ઓગસ્ટે રાજુ શ્રીવાસ્તવ ટ્રેડમિલ પર દોડી રહ્યા હતા ત્યારે ઢળી પડ્યા હતા અને ત્યારથી જ તેઓ બેભાન અવસ્થામાં છે. તેઓ ભાનમાં નથી આવ્યા. શરીરમાં સામાન્ય હલનચલન જોવા મળી હતી. જ્યારે ડૉક્ટરોની દેખરેખ હેઠળ તેમની પત્નીએ રાજુના માથાને સ્પર્શ કર્યું હતું ત્યારે સામાન્ય હલચલ પગમાં દેખાઈ હતી. રાજુનું સ્ઁૈં પણ કરવામાં આવ્યું હતું. ત્યારે હવે રાજુ શ્રીવાસ્તવની હેલ્થ બાબતે મોટી અપડેટ આવી છે.

એક ન્યૂઝ રિપોર્ટ મુજબ, ડૉક્ટર રણદીપ ગુલેરિયાએ રાજુ શ્રીવાસ્તવની હેલ્થ બાબતે અપડેટ આપતા જણાવ્યું કે, રાજુ શ્રીવાસ્તવની સ્થિતિ હજુ પણ નાજુક છે અને તેઓ આઈસીયુમાં છે. તેથી વધુ તેમણે કશું જણાવ્યું નથી. તેમણે વધુમાં જણાવ્યું કે, આ મામલો દર્દી અને તેઓના પરિવારના સભ્યો વચ્ચેનો છે, માટે કોઈ કમેન્ટ કરી શકાય નહીં. ડૉક્ટર રણદીપ ગુલેરિયાએ રાજુ શ્રીવાસ્તવની હેલ્થ અંગે અત્યારે જે અપડેટ આપી છે તેથી ચિંતા વધી છે. આપણે પ્રાર્થના કરીએ કે રાજુ શ્રીવાસ્તવ જલદી સાજા થઈને પરત ફરે.

રાજુ શ્રીવાસ્તવના પરિવારે હોસ્પિટલમાં એક રૂમ બુક કરાવ્યો છે જેથી તેઓ ત્યાં રાત રોકાઈ શકે. જણાવ્યા અનુસાર, સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના પૂર્વ મંત્રી ડૉ. હર્ષવર્ધન પણ એઈમ્સમાં રાજુ શ્રીવાસ્તવની સારવાર કરી રહેલા તબીબો સાથે વ્યક્તિગત સંપર્કમાં છે અને પરિવાર સાથે કો-ઓર્ડિનેટ કરી રહ્યા છે. રાજુ શ્રીવાસ્તવના ભત્રીજા કુશલે ભારે અવાજે કહ્યું હતું કે, "અમે આશા રાખી રહ્યા છીએ અને પ્રાર્થના કરીએ છીએ કે કોઈ ચમત્કાર થઈ જાય.

● અનુસંધાન પાન-૭ પર

# હિમાચલમાં તબાહીનો મંજર

## બાળકોને છાતી સરખી ચાંપીને મૃત મળી માતા : વરસાદના કારણે આવેલા પૂરમાં મંડી જિલ્લાના કાશન વિસ્તારમાં એક જ પરિવારના ૮ લોકોના દર્દનાક મોત





મંડી, તા.૨૧

હિમાચલમાં ભારે વરસાદે તબાહી મચાવી છે. વરસાદના કારણે આવેલા પૂરમાં મંડી જિલ્લાના કાશન વિસ્તારમાં એક જ પરિવારના ૮ લોકોના દર્દનાક મોત થયા છે. પોલીસે તમામ મૃતદેહ કબજે કર્યા છે.

જણાવવામાં આવી રહ્યું છે કે જે ઘરમાં ૮ લોકોના મોત થયા, પોલીસે જ્યારે મૃતદેહ કાઢવા તે ઘરને તોડ્યું ત્યારે તેમની આંખો નમ થઈ ગઈ હતી. એક માતા બાળકોને છાતી સરખી ચાંપીને મૃત હાલતમાં બેડ પર પડેલી મળી હતી. આ મંજર જોઈ ત્યાં હાજર તમામ લોકોની આંખોમાં આંસુ આવી ગયા હતા. જોકે, પોલીસે લોકોને ત્યાં જવાથી રોક્યા હતા.

મંડીના ડીસી અરિંદમ ચૌધરીએ જણાવ્યું કે જિલ્લામાં ઘણી જગ્યાએ ભારે વરસાદ અને ભૂસ્ખલનના કારણે ઘણું નુકસાન થયું છે. તેમણે જણાવ્યું કે કાશન વિસ્તારમા જ્યારે પરિવાર પર કહેર તૂટ્યો તો ચારે તરફ લેન્ડસ્લાઈડ થવાના કારણે રેસ્ક્યૂ ટીમ સમય પર તેમના સુધી પહોંચી શકી ન હતી. ગ્રામજનોએ પણ પરિવારને બચાવવાનો પ્રયત્ન કર્યો હતો, પરંતુ કોઈપણ તેમને બચાવી શક્યું નહીં.

જોકે, હાલ તમામ મૃતદેહોને પોસ્ટમાર્ટમ માટે મોકલવામાં આવ્યા છે. મૃતકોમાં ગામના પ્રધાન ખેમ સિંહ અને તેમના નાના ભાઈનો પરિવાર સામેલ છે. મળતી જાણકારી અનુસાર, ભારે વરસાદના કારણે તેમનું ઘર ધરાશાયી થયું હતું. જેના કારણે ઘરમાં હાજર ૮ લોકો કાટમાળમાં દફન થઈ ગયા હતા.

આ ઘટના શુક્રવારે રાત્રે ૨ વાગ્યાની ઝડોંન ગામની છે. ઘરમાં તે સમયે પ્રધાન ખેમ સિંહ, પત્ની, બાળકો, તેમની ભાભી, ભાઈના બાળકો અને તેમના સસરા હાજર હતા. બેડ પર સૂતેલા બાળકો સહિત ૮ લોકોને કુદરતી કહેરે એવા દબાવી દીધા તે તેમને વિચારવાનો મોકો પણ મળ્યો નહીં હોય કે તેમની સાથે આ શું થયું.

જણાવવામાં આવી રહ્યું છે કે ઘટના સમયે પ્રધાન ખેમ સિંહના ભાઈ ઝોબે રામ સફરજનના કોન્ટ્રાક્ટ માટે કુલ્લુ ગયા હતા. જ્યારે તેમના માતા-પિતા બકરીઓને લઈને સિરાજ વિસ્તારમાં ગયા હતા.

ઝડોંન ગામમાં બનેલી આ ઘટનાનો ભયાનક મંજર જોઈ સૌ કોઈની આંખો ભીની થઈ ગઈ હતી. વહીવટી કર્મચારીઓ કાટમાળમાં દબાયેલા મૃતદેહ શોધવાનું કામ કરી રહ્યા હતા તો હજારો લોકોની આંખો રાહ જોઈ રહી હતી કે કાટમાળમાં દબાયેલા તમામ લોકોને સુરક્ષિત બહાર કાઢવામાં આવે. સવારે ૩ વાગ્યાથી ચાલુ કરેલું રેસ્ક્યૂ ઓપરેશન બપોરે ૧ વાગે પૂર્ણ થયા બાદ બેડ પર પડેલા મૃતદેહ એક પછી એક કાટમાળ વચ્ચેથી બહાર કાઢવામાં આવ્યા હતા.

# કોહલી મુંબઈમાં પત્ની સાથે સ્કૂટર ઉપર ફરવા નીકળ્યો

## વિરાટ કોહલી હાલ બ્રેકનો ફાયદો ઉઠાવી રહ્યો છે : સ્ટાર ખેલાડી પત્ની સાથે મડ આઈલેન્ડમાં એક પ્રોજેક્ટના શૂટિંગ બાદ સ્કૂટીની સવારી કરતા જોવા મળ્યા હતા

મુંબઈ, તા.૨૧

ટીમ ઈન્ડિયાના સ્ટાર ખેલાડી વિરાટ કોહલી હાલ ક્રિકેટમાંથી મળેલા બ્રેકનો બરાબર





ફાયદો ઉઠાવી રહ્યા છે. શનિવારે વિરાટ કોહલી પત્ની અને અભિનેત્રી અનુષ્કા શર્મા સાથે મડ આઈલેન્ડમાં એક પ્રોજેક્ટના શૂટિંગ બાદ સ્કૂટીની સવારી કરતા જોવા મળ્યા. વિરુષ્કાએ પોતાની આ સ્કૂટર રાઈડ દરમિયાન રોડ સુરક્ષાના નિયમોનું પણ બરાબર પાલન કર્યું અને બંને હેલમેટ પહેરેલા જોવા મળ્યા. વાયરલ થઈ રહેલી તસવીરો અને વીડિયોમાં વિરાટ કોહલી અને અનુષ્કા શર્મા કાળા રંગની હેલમેટમાં જોવા મળે છે. કોહલી સ્કૂટર રાઈડ કરી રહ્યા છે જ્યારે અનુષ્કા શર્મા પાછળ બેઠી છે. અનુષ્કા સંપૂર્ણ બ્લેક આઉટફીટમાં જોવા મળે છે. જ્યારે કિંગ કોહલીએ વ્હાઈટ સ્નીકર્સ સાથે લીલા રંગની શર્ટ અને કાળું જીન્સ પહેર્યા હતા. અત્રે જણાવવાનું કે વિરાટ કોહલી હાલ પોતાના કરિયરના સૌથી ખરાબ તબક્કામાંથી પસાર થઈ રહ્યા છે. સદી બનાવ્યે જાણે કેટલોય સમય વીતી ગયો. વિરાટ કોહલીની છેલ્લી આંતરરાષ્ટ્રીય સદી ૨૩ નવેમ્બર ૨૦૧૯માં થઈ હતી. ત્યારે બાંગ્લાદેશ વિરુદ્ધ કોલકાતા ટેસ્ટ મેચના બીજા દિવસે ૧૩૬ રન કર્યા હતા. આ ઈન્ટરનેશનલ લેવલે કોહલીની ૭૦મી સદી હતી.

અનુષ્કા શર્મા અને વિરાટ કોહલના લગ્ન વર્ષ ૨૦૧૭માં થયા હતા. આ કપલ વર્ષ ૨૦૨૧માં એક પુત્રીના માતા પિતા પણ બન્યા. તેમની પુત્રીનું નામ વામિકા છે.

# દેશમાં કોરોનાના એક્ટિવ કેસ ઘટીને એક લાખથી ઓછા

## દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં નવા ૧૧,૫૩૯ કેસ નોંધાયા

નવી દિલ્હી, તા.૨૧

દેશમાં કોરોનાના નવા કેસોની સંખ્યા ગઈકાલ કરતાં ઘટી છે. સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલા આંકડા મુજબ દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૧૧ હજાર ૫૩૯ નવા કેસ નોંધાયા છે અને ૪૩ સંક્રમિતોના મોત થયા છે. મંત્રાલય દ્વારા રજૂ કરાયેલા નવા આંકડા બાદ હવે દેશમાં એક્ટિવ કેસની સંખ્યા ઘટીને ૯૯ હજાર ૮૭૯ થઈ ગઈ છે. કુલ ૪ કરોડ ૩૭ લાખ ૧૨ હજાર ૨૧૮ લોકો કોરોના મુક્ત થયા છે. મૃત્યુના કુલ આંકડા પર નજર કરીએ તો આ આંકડો ૫ લાખ ૨૭ હજાર ૩૩૨ થઈ ગયો છે.

ઓગસ્ટ મહિનામાં નોંધાયેલા કેસ આ મુજબ છે. ૨૦ ઓગસ્ટે ૧૩,૨૭૨ નવા કેસ નોંધાયા અને ૮૩ સંક્રમિતોના મોત થયા. ૧૯ ઓગસ્ટે ૧૫,૭૫૪ નવા કેસ નોંધાયા હતા અને ૩૯ લોકોના મોત થયા હતા. ૧૮ ઓગસ્ટે ૧૨૬૦૮ નવા કેસ નોંધાયા હતા.

# પુતિનનું બ્રેઈન ગણાતા દુગિનની પુત્રીની હત્યા : બોમ્બથી કાર ઉડાવી દીધી

કિવ, તા.૨૧

રશિયા-યુક્રેન યુદ્ધ વચ્ચે એક મોટા સમાચાર આવ્યા છે. રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમિર પુતિનના સૌથી નીકટના સહયોગીમાંથી એક એલેક્ઝાન્ડર દુગિનના પુત્રીનું કાર બોમ્બ વિસ્ફોટમાં મોત થયું છે. દરિયા દુગિન નામની યુવતીનું કાર બોમ્બ અકસ્માતમાં મોત નિપજ્યું. અત્રે જણાવવાનું કે એલેક્ઝાન્ડર દુગિન આ સમગ્ર યુદ્ધના માસ્ટરમાઈન્ડ ગણાય છે. મળતી માહિતી મુજબ રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમિર પુતિનનું બ્રેઈન ગણાતા રાજનીતિક વિશ્લેષક એલેક્ઝાન્ડર દુગિનના પુત્રીની કારમાં મોડી રાતે મોસ્કોમાં વિસ્ફોટ થયો.

**દરિયા દુગિનની કારમાં રાતે લગભગ ૯.૪૫ વાગે મોઝાયસ્કાય હાઈવે પર મોટો ધડાકો થયો હતો**

ધડાકામાં દરિયાનું મોત નિપજ્યું. દરિયા દુગિનની કારમાં રાતે લગભગ ૯.૪૫ વાગે મોઝાયસ્કાય હાઈવે પર ધડાકો થયો. પ્રત્યક્ષદર્શીઓએ દાવો કર્યો કે વિસ્ફોટ રસ્તા વચ્ચે થયો. વિસ્ફોટ એટલો જબરદસ્ત હતો કે કાર આગનો ગોળો બની ગઈ.

ક્રિમિયા અને યુક્રેનમાં રશિયન સૈન્ય અભિયાનો પાછળ દુગિન હોવાનું મનાય છે. આશંકા વ્યક્ત કરાઈ રહી છે કે દુગિનની પુત્રીની કારમાં વિસ્ફોટ પાછળ યુક્રેનનો પણ હાથ હોઈ શકે છે. વિસ્ફોટ બાદ ઘટનાસ્થળે અફરાતફરી મચી ગઈ હતી.